ગાંધીનગર સમાચાર
તા. ૩૦-૪-૨૦૧૫, ગુરુવાર

## તંત્રી સ્થાનેથી....

### વિદેશયાત્રા વખતે વાણીવિવેક ગરિમા વધારશે

રાજયસભામાં પૂર્વ વિદેશમંત્રી આનંદ શર્મા દ્વારા વડાપ્રધાનના વિદેશ પ્રવાસ દરમિયાન કરાયેલા વાંધાજનક વિધાનો સામે શરુ થયેલ હોબાળો કેટલેક અંશે વાજબી જ ગણાવો જોઈએ. રાષ્ટ્રહિતના મુદ્દે એક તરફ વડાપ્રધાન યુધિષ્ઠિરની ભાષામાં 'વયં પંચાધિકં શતઃ' ની ભાવનાનો ઉલ્લેખ કરતા રહેતા હોય ને બીજી તરફ પૂર્વવર્તી સરકારોએ સાઠ સાઠ વર્ષ સુધી તંત્રમાં ફેલાયેલી ગંદકી સાફ કરતા હોવાની વાતો કરે, તે પણ એમના વિદેશ પ્રવાસો દરમિયાન પરદેશની ધરતી પર - તે બાબત ખરેખર વાંધાજનક ગણાવી જોઈએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અનેક રીતે સક્ષમ અને પૂર્વ વડાપ્રધાનોની સરખામણીમાં વિશેષ ઉર્જાવાન હોવા છતાં આવા સંવેદનશીલ મુદ્દાઓમાં સંયમ જાળવવામાં ઊણા ઊતરતા રહ્યા છે. એમણે દરેક જગ્યાએ આત્મરતિમાં રાચતા જોઈએ છીએ ત્યારે જવાબદાર નાગરિક તરીકે ગ્લાનિ થયા વિના રહેતી નથી. પરદેશની ધરતી પર પોતાના પૂર્વ વડાપ્રધાનોની કે કોંગ્રેસ જેવા રાષ્ટ્રીય પક્ષની ટીકા કરવી તે કોઈ પણ માપદંડથી માપતાં નર્યો અવિવેક અને આછકલાઈ જ ગણાવા જોઈએ. કોંગ્રેસના નેતાએ રાજય સભામાં આ મુદ્દો ઉપસ્થિત કર્યો તે પહેલાં વડાપ્રધાનના વિદેશ પ્રવાસના કાર્યક્રમ દરમિયાન જ મીડિયાજોગ નિવેદન કરી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. જવાહરલાલ નહેરુ, લાલબહાદુર શાસ્ત્રી, ઈંદિરા ગાંધી અને મોરારજી દેસાઈ ઉપરાંત ખુદ અટલબિહારી વાજપેયી સામે આ પ્રકારની ગંદકી કે કચરો ફેલાવવાનો આક્ષેપ દેશની પ્રજાએ ચૂંટેલા વડાપ્રધાનના મોઢે ન જ શોભે, પરંતુ નરેન્દ્ર મોદી આવા વિવેક-વિનય કે શાલીનતાવાળી ડિપ્લોમેટિક ભાષા વાપરવા ટેવાયેલા નથી. એ જયાં જાય છે ત્યાં છવાઈ જવાની જ વૃત્તિ ધરાવે છે. સિકંદર, નેપોલિયન અને હિટલરની જેમ વિશ્વવિજયની ધખના સાથે દુનિયા આખી ગજવે ઘાલવા જરુરી ગણાતી 'કિલિંગ ઈન્સ્ટિકટ' મોદીના વ્યક્તિત્વનું ઊડીને આંખે વળગે એવું નેગેટિવ પાસું છે. લોકશાહીમાં આ પ્રકારની દિગ્વિજયવૃત્તિ ફકત ચૂંટણી જીતવા પૂરતી માન્ય ગણાતી રહી છે. એકવાર વડાપ્રધાન પદ જેવા સર્વોચ્ચ પદે બિરાજ્યા પછી વિજેતા બનેલા નેતા માત્ર એની પાર્ટીનો નેતા ન રહેતાં આખા દેશનો નેતા બની રહે છે. તેથી એણે પક્ષીય બાબતોની પળોજળ કરતાં રાષ્ટ્રની પ્રજાના કલ્યાણની જ ચિંતા કરવી જોઈએ અને વિદેશમાં તો દેશની ગરિમાને અનુરુપ 'પ્રોટોકોલ' મુજબ જ બોલવું - ચાલવું જોઈએ. મોદીએ વધુ પડતાં ઉત્સાહમાં આવી સ્વકેન્દ્રી બનીને દેખીતી રીતે આવા વણલખ્યા પ્રોટોકોલનો ભંગ કરતારહ્યા છે. એથી કોંગ્રેસ જેવી આઝાદી મેળવી આપનારી પાર્ટીને માઠું લાગે તે સ્વાભાવિક છે. એ સાચું કે સાઠ વર્ષના શાસનકાળમાં કોંગ્રેસના નેતાઓ ઘણા ખરડાયા છે. છેલ્લે ડૉ. મનમોહનસિંહ જેવા અણિશુદ્ધ અને વિશ્વપ્રસિદ્ધ અર્થશાસ્ત્રીના દસ વર્ષના શાસનકાળમાં એમના સાથીઓએ કરેલા ગોટાળા બહાર આવતાં મોદીને પ્રચાર માટે ઘણા મુદ્દા મળી ગયા હતા અને પ્રજાએ કોંગ્રેસને એની ભૂલો બદલ સત્તા પરથી ફેંકી દઈ આકરી સજા પણ ફરમાવી હતી. પરંતુ એ ચૂંટણી પ્રચારના મુદ્દાઓ વિદેશની ધરતી પર ઉછાળવાથી તો દેશની જ ગરિમા અળપાય છે. આવી વાતો કરવાથી એક રાષ્ટ્રીય નેતા તરીકે મોદી પોતે પણ વામણા બની રહે છે.

## કલરવ સંસ્થા દ્વારા સતત દસમા વર્ષે બાલોત્સવ : ૧૬૦ બાળકો જોડાયા

### સેંટ ઝેવિયર્સ સ્કુલમાં દસ દિવસીય સમર કેમ્પનું આયોજન : બસોથી વધુ બાળકો જોડાયા : તજજ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવી રહી છે : અંતિમ દિવસે ટાઉનહોલમાં પરફોર્મ કરશે

ગાંધીનગર, તા.૨૯

પાટનગરમાં છેલ્લા નવ વર્ષથી વેકેશન દરમિયાન બાળકોનું કલરવ સંસ્થા દ્વારા ઘડતર કરવામાં આવી રહ્યું નૃત્ય, કથ્થક, ભરતનાટયમ, પંજાબી નૃત્ય, હરિયાણવી, આદિવાસી નૃત્ય, રાસ ગરબા અને લાવણી નૃત્યોની તાલીમ આપવામાં આવી રહી છે. સ્કીટની તાલીમ આપવામાં આવે છે. બાળકોને રંગમંચ લક્ષી પ્રવૃત્તિઓમાં માહિર કરવામાં આવી રહ્યા છે. સમર કેમ્પમાં સ્વચ્છતા અભિયાન સહિતના



(તસવીર : દિપક જાની)

છે. ઉનાળુ વેકેશનમાં વિવિધ પ્રવૃત્તિઓ બાળકોને કરાવવામાં આવે છે. શ્રેષ્ઠ તજજ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવે છે. સેંટ ઝેવિયર્સ શાળામાં દસ દિવસીય સમર કેમ્પનું આયોજન કરાયું છે.

સેકટર-૮ સ્થિત સેંટ ઝેવિયર્સ શાળામાં નગરની કલરવ સંસ્થા દ્વારા સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૮ એપ્રિલથી તા. ૮ મે સુધી દસ દિવસ કેમ્પ યોજાશે. બાળકોને નાટક, સ્કીટ, રાજસ્થાની

કલરવ સંસ્થા શહેરના બાળકોનું છેલ્લા ૯ વર્ષથી ઘડતર કરી રહી છે. બાળકોમાં રહેલી આંતરિક શકિતઓ વિકસાવી એક પ્લેટફોર્મ પુરું પાડે છે. હાલના સમયમાં ઈનડોર ગેમ્સનું પ્રમાણ વધી રહ્યું છે. ત્યારે બાળકો વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરી વિવિધ ક્ષેત્રે નામના મેળવે તેવો ઉમદા હેતુ સંસ્થા રાખી રહી છે.

સમર કેમ્પમાં ગુરૂ શિષ્યની જોડી એવા પ્રકાશભાઈ લાલા અને નીતિનભાઈ પટેલ દ્વારા નાટક અને વિષય પર નાટક તૈયાર કરવામાં આવી રહ્યું છે. રંગમંચના બેતાબ બાદશાહ બનાવવા બંને તજજ્ઞો ભારે મહેનત કરી રહ્યા છે. નીતિન દવે ગુજરાતના લોકપ્રિય અને તારક મહેતાની દયાબેનના ફેમસ રાસ ગરબાની તાલીમ આપી રહ્યા છે. ગુજરાતનો ગરબો દેશ અને વિદેશમાં પ્રખ્યાત છે. વિદેશીઓને ગુજરાતના ગરબાએ ઘેલુ લગાડયુ છે. આ બાળકો પણ ગુજરાતના ગરબાને વધુ ઉંચાઈએ લઈ જાય તેમ ઉત્તમ તાલીમ આપવામાં આવી રહી છે તેમજ આદિવાસી નૃત્યની તાલીમ આપવામાં આવી રહી છે.

ગુજરાતના બાળકોને હરિયાણવી નૃત્ય કરાવવું એ પણ એક કળા છે. આવી કળા તારક પંડયા કરાવી રહ્યા છે. કથ્થક નૃત્યના તજજ્ઞ જયતિ બ્રહ્મભટ્ટ બાળકોને કથ્થક શિખવાડી રહ્યા છે.

તેમજ પંજાબી અને લાવણી નૃત્યની તાલીમ ભાવેશ ત્રિવેદી દ્વારા આપવામાં આવી રહી છે. પંજાબી નૃત્યોની ઝીણામાં ઝીણી માહિતી આપી બાળકોને નૃત્યો શિખવાડવામાં આવે છે. સમર કેમ્પમાં સાત થી ચૌદ વર્ષના ૨૦૦થી વધુ બાળકોને સમર કેમ્પમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ શિખવવામાં આવે છે.

સમર કેમ્પની શરૂઆત સમૂહ પ્રાર્થનાથી કરવામાં આવે છે બાળકો પોતે જ પ્રાર્થના કરે છે ત્યાર બાદ વાર્તા અને પોતાના વિચારો રજૂ કરી તાલીમની શરૂઆત કરે છે. સમર કેમ્પમાં જોડાયેલ બાળકો કહે છે કે અમે વેકેશનમાં સમર કેમ્પ દ્વારા ભરપુર જ્ઞાન મેળવીએ છીએ. પુસ્તકને બાજુ પર મુકી રાજયની સંસ્કૃતિને ઓળખવા પ્રયત્ન કરી છીએ. અમને અહીંયા રાજયની ભાતીગળ સંસ્કૃતિના દર્શન થાય છે. તમામ બાળકો છેલ્લા દિવસે તા. ૯ મે ના રોજ ટાઉનહોલ ખાતે પરફોર્મ કરશે.

## હરિની દૃષ્ટિ...





એટલું જ કહીશ.. સરકાર અમને નેપાળથી જે રીતે ફ્લાઈટમાં પરત લાવ્યા છે.. એવી રીતે હવે ભૂકંપ ન આવે તેવી જગ્યાએ મૂકી જાવ... જેથી અમારી રજાનો સદ્‌ઉપયોગ થાય.. !!

## આજે સે-૩-ડીમાં વિના મૂલ્યે નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૨૯

શ્રી સાંઈ કૃપા સેવા ટ્રસ્ટ અને હાઈ-ટેક હોસ્પિટલ દ્વારા વિના મૂલ્યે નિદાન કેમ્પ યોજવામાં આવશે. આજ રોજ ગરુવારે સાંજે ૫ થી રાત્રિના ૮ વાગ્યા સુધી સેકટર-૩-ડી ગાંધીનગર સ્થિત સાંઈ બાબા મંદિર ખાતે નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાશે. જેમાં કિડની, પેશાબની નળી, મૂત્રાશયની પથરી, પ્રોસ્ટેટ કેન્સરની તપાસ, પેશાબનો કંટ્રોલ ન રહેવો, પુરુષ વ્યંધત્વ તપાસ, શિષ્નમાં ગાંઠ સહિતની તપાસ કરવામાં આવશે.

ગાંધીનગરના જાણીતા નિષ્ણાત ડૉ. અનિકેત પંડયા યુરોલોજીસ્ટ, કિડની ટ્રાન્સ્લાન્ટ સર્જન સેવા આપશે. કેમ્પમાં ઉપસ્થિત રહેનાર દર્દીઓએ અગાઉ જો કોઈ દવા ચાલતી હોય તો તેના કેસ પેપર સાથે લાવવા તેમજ યુરોફેલોમેટ્રી ટેસ્ટ રૂ. ૫૦માં કરી આપવામાં આવશે. કેમ્પમાં ઉપસ્થિત રહેવા મો. ૮૯૮૦૭ ૧૦૫૩૯ પર એપોઈન્ટમેન્ટ નોંધાવવી જરુરી છે.

## રવિવારે ઠાકોરભાઈ હોલમાં નિઃશુલ્ક ફિઝીયોથેરાપી ડાયાબીટીશ અવેરનેસ સેમિનાર યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

શું આપ ઢીંચણના ઘસારા, કમરના દુઃખાવા, ગરદન-ખભાની તકલીફો કે ડાયાબીટીશથી પરેશાન છો ? આવી પરેશાની ધરાવતા દર્દીઓમાં ફિઝીયોથેરાપી અને ડાયાબીટીશ અંગેની અવેરનેસ ફેલાવવા તા. ૩જી મે રવિવારે અમદાવાદના લૉ ગાર્ડન ખાતે ઠાકોરભાઈ દેસાઈ હોલમાં સવારે ૯.૩૦ થી ૧૨ વાગ્યા દરમ્યાન નિઃશુલ્ક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું છે.

ફિઝીયોથેરાપી-ડાયાબીટીશ અવેરનેસ સેમિનારમાં નારણપુરાના મમતા ફિઝીયોથેરાપી ક્લિનીકના કન્સલ્ટીંગ ફિઝીયો થેરાપીસ્ટ ડૉ. જય ભટ્ટ દર્દીઓને માર્ગદર્શન આપશે. આ પ્રસંગે અમદાવાદના જાણીતા ફિઝીશ્યન ડૉ. રઘુ સત્યનારાયણ મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહેશે. સેમિનારમાં રોજીંદી જીવનમાં ફિઝીયોથેરાપીના ફાયદા અને જરૂરિયાત તેમજ ઘુંટણ, પીઠ, ગરદન, ખભા વગેરેના દુઃખાવા બાબતે માર્ગદર્શન આપવામાં આવશે. આ ઉપરાંત આ પ્રકારના દુઃખાવા અને રોગો અટકાવવા અંગે પણ માહિતગાર કરાશે. જુદી જુદી ફિઝીયોથેરાપીની સારવારનું વિડીયો પ્રેઝન્ટેશન તેમજ વજન વધવાના કારણો અને ઘટાડવાની ઉપાયો સહિત ડાયાબીટીશ અટકાવવા માર્ગદર્શન અપાશે. ભાગ લેનાર તમામને માહિતી પુસ્તિકા અને કશરતોના ચાર્ટ વગેરે પણ આપવામાં આવશે.

## ધોરણ ૧-૫ના નવા પુસ્તકોનું ૧૧મી મેથી વેચાણ શરૂ થશે

અમદાવાદ, તા.૨૯

રાજયમાં આગામી ૮ જૂનથી શાળાના નવા શૈક્ષણીક સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે આ સત્ર દરમિયાન પાઠયપુસ્તની તંગીન સર્જાય તે માટે ગુજરાત પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ધોરણ-૧ થી ૧૨ના ગુજરાતી માધ્યમના તેમજ ધોરણ ૬ થી ૧૨નાં અન્ય માધ્યમનાં પાઢ્યપુસ્તકોનું વેચાણ ૧૫ એપ્રિલથીજ શરૂ કરી દેવામાં આવેલ છે. ત્યારે જૂન-૨૦૧૫થી નવા અભ્યસક્રમ મુજબ અમલમાં આવનાર ધોરણ-૧ થી ૫નાં માધ્યમના પુસ્તકોનું વેચાણ પણ આગામી ૧૧ મે થી શરૂ કરી દેવામાં આવશે. અત્યારે રાજયના તમામ જિલ્લા વિતરકોને તેમની જરૂરિયત મુજબના પાઠ્યપુસ્તકોના વેચાણની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જો કે તેમ છતાં કોઈ વિદ્યાર્થી કે વાલીઓને છુટક વિક્રેતા પાસેથી પાઠ્યપુસ્તક ન મળે તો તેઓ અમદાવાદ અને ગાંધીનગર સ્થિત રાજય શાળા પાઠ્યપુસ્તક મંડળના ડેપો ખાતેથી પોતાના પાઠ્યપુસ્તકો મળવી શકશે. આ ઉપરાંત નવા અભ્યાસક્રમનાં પાઠ્યપુસ્તકો પણ વિદ્યાથીઓ સુધી સમયસર મળી રહે તેવું આયોજન રાજય શાળા પાઠ્યપુસ્તક મંડળ દ્વારા કરવામાં આવ્યું છે તેમ છતાં વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તક સંબધીત કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડે તો તે ટેલીફોન નંબર ૦૭૯૨૩૨૩૫૨૬૨ ઉપર રાજય શાળા પાઠ્યપુસ્તક મંડળનો સંપર્ક કરી શકશે. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે શૈક્ષણીક સત્ર શરૂ થવા છતાં અનેક વિદ્યાર્થીઓ સુધી પાઠ્યપુસ્તકો ન પહોચ્યા હોવાની વ્યાપક ફરીયાદો ઉઠવા પામી હતી. જેનાં પગલે રાજય શાળા પાઠ્યપુસ્તક મંડળે ચોમેરથી ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો.

## જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર જિલ્લા સ્કાઉટગાઈડ સંઘ દ્વારા સ્કાઉટગાઈડ સંઘમાં સેવા આપનાર સેવાર્થીઓને સન્માન સમારોહ યોજવામાં આવશે. તા. ૨ મે, શનિવાર સવારે ૧૦.૩૦ કલાકે સેક્ટર-૨૩ નાથીબા કોલેજ સ્થિત ખિમજી વિસરામ હોલ ખાતે કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમના ઉદ્‌ઘાટક તરીકે વલ્લભભાઈ પટેલ ચેરમેન કડી વિશ્વ વિદ્યાલય, અધ્યક્ષ તરીકે કૃષ્ણકાન્ત જહા, મુખ્ય મહેમાન તરીકે આશિષભાઈ દવે ચેરમેન ગુડા, સહિત અગ્રાણીઓ ઉપસ્થિત રહેશે.

## જીટીયુની વિવિધ સેમેસ્ટરની પરીક્ષા આજથી વિધિવત શરૂ

અમદાવાદ, તા.૨૯

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ)ના પરીક્ષા વિભાગ દ્વારા ઈજનેરી-ફાર્મસી-એમબીએ-એમસીએ- સહિતની વિદ્યાશાખાની વિવિધ સેમેસ્ટરની પરીક્ષાઓનો આવતીકાલથી પ્રારંભ થઈ રહ્યો છે. અમદાવાદ સહિતના પાંચ ઝોનમાં આવેલા ૨૫૦ જેટલા નિર્ધારિત પરીક્ષા કેન્દ્રોમાં આયોજીત પરીક્ષા આશરે અઢી લાખથી વધુ વિદ્યાર્થીઓ આપનાર છે.

પરીક્ષા દરમ્યાન કોઈ પણ પણ પ્રકારની અવ્યવસ્થા સર્જાય, અનિચ્છનીય બનાવ બને બાબતને ધ્યાનમાં રાખીને સઘન વ્યવસ્થા ગોઠવાઈ છે. પ્રાપ્ત થતી માહીતી મુજબ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સલગ્ન રાજયની ૫૦૦થી વધુ કોલેજોની યુજી-પીજી કક્ષાની ઈજનેરી-ફાર્મસી-એમબીએ-એમસીએ સહિતની વિદ્યાશાખાની વિવિધ સેમેસ્ટરની પરીક્ષાઓનું ૩૦મી એપ્રિલથી ૧૫મી જૂન દરમિયાન આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર આવતીકાલથી એન્જિન્યરીંગનાં સેમેસ્ટર ૬ની પરીક્ષાનો પ્રારંભ થશે. રેગ્યુલર સ્કવોડ વિવિધ વિદ્યાશાખાના ડીનના માર્ગદર્શન હેઠળ કાર્યરત રહેશે. અમદાવાદ, ગાંધીનગર, સુરત વિદ્યાનગર, રાજકોટ એમ પાંચ ઝોનમાં આવેલા ૨૫૦ જેટલા નિર્ધારીત પરીક્ષા કેન્દ્રોમાં આયોજીત પરીક્ષા આશરે અઢી લાખથી વધુ વિદ્યાર્થીઓ આપનાર છે. આ પરીક્ષા દરમિયાન કુલ પાંચ ઝોનમાં કાર્યરત ફલાઈંગ સ્કવોડને વિદ્યાર્થીઓના વ્યાપક હિતને ધ્યાનમાં રાખીને ફરીથી રચના કરાઈ છે.

જે કોઈ પણ વાલી કે વિદ્યાર્થી કે શિક્ષણ જગતના હિત ચિંતકને કોઈ પણ પરીક્ષા કેન્દ્રમાં ગેરરીતિ આચરાતી હોવાની માહિતી હોય તો તેઓ સીધા કુલપતિ કાર્યાલય લેન્ડ લાઈન નંબર પર ફોન દ્વારા જાણ કરવાની રહેશે. ફોન કોલ મળ્યા પછી તરત મારા સંકલન સાથેની સ્પેશિયલ ફલાઈંગ સ્કવોર્ડને જે પરીક્ષા કેન્દ્રને લગતી ફરિયાદ કરાઈ હશે તે પરીક્ષા કેન્દ્રમાં મોકલવામાં આવશે.



માસ્ટર્સ એથ્લેટીકસ એસોસીએશન દ્વારા તાજેતરમાં હિમાચલ પ્રદેશનાં ધર્મશાળા ખાતે 'નેશનલ માસ્ટર્સ એથ્લેટીકસ ચેમ્પિયનશીપ' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરના નિવૃત્ત આચાર્ય અને રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા શિક્ષિકા શ્રીમતી ઈન્દુબેન નિમાવતે ૨૦૦ મી. દોડમાં પ્રથમ સ્થાને રહી ગોલ્ડ મેડલ અને ૧૦૦ મી. દોડમાં દ્વિતીય સ્થાને રહી સિલ્વર મેડલ મેળવી શહેર-રાજયનું નામ રોશન કર્યુ છે. ઉલ્લેખનીય છે આ અગાઉ તેઓએ ૧૨ ગોલ્ડ મેડલ ૧૦૦ મી. દોડ, ૨૦૦ મી. દોડ અને ગોળાફેંકમાં રાજયકક્ષાએ ઈનામો પ્રાપ્ત કર્યા છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## શિક્ષકોનાં તાલીમ કેમ્પ પર સીસીટીવીથી હવે નજર હશે

અમદાવાદ, તા.૨૯

રાજયમાં પ્રાથમિક શિક્ષકો માટેનો તાલીમ કાર્યક્રમ ચાલી રહ્યો છે ત્યારે શિક્ષણ વિભાગ દ્વારા આ વખતે ગુલ્લીમાર શિક્ષકોની શાન ઠેકાણે લાવવા માટે સીસીટીવી કેમેરાનો નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. પ્રાપ્ત થતી માહીતી મુજબ ગુજરાત સરકાર દ્વારા રાજયની પ્રાથમિક શાળાઓમાં શિક્ષણની ગુણવતા વધારવા માટે અનેક પ્રયત્નો કરવામાં આવે છે. જે અંતર્ગત વેકેશન દરમિયાન પ્રાથમિક શાળાના શિક્ષકોની તાલીમ માટે ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જો કે આ તાલીમ કેમ્પ દરમિયાન મોટાભાગના શિક્ષકો ગુલ્લી મારતા હોવાથી સરકાર દ્વારા કરવામાં આવતો ખર્ચ પાણીમાં જતો હોવાની વ્યાપક ફરીયાદો ઉઠવા પામી છે. તો કેટલાક શિક્ષક વર્ગખંડમાં ચાલુ તાલીમ દરમિયાન કાં તો ફોનમાં ગેમ રમતા હોય છે અથવા તાલીમ વર્ગ છોડીને શાળાના કેમ્પસમાં ચક્કર મારીને તાલીમ મુખ્ય ઉદેશ્ય ઉપર જ પાણી ફેરવી દેતા હોય છે ત્યારે આવા ગુલ્લીમાર શિક્ષકોની શાન ઠેકાણે લાવવા માટે ચાલુ વર્ષે શિક્ષણ વિભાગ દ્વારા સીસીટીવી કેમેરાનો એક નવનવ પ્રયોગ હાથ ધર્યો છે જે અંતર્ગત તાલીમના સ્થળે સીસીટીવી કેમેરાથી રેકોડીંગ કરવામાં આવી રહ્યું છે. તેમજ શિક્ષણ વિભાગનાં ઉચ્ચ અધીકારીઓ ગાંધીનગર સ્થિત શિક્ષણ વિભાગની કેમેરાથી આ સીસીટીવી કેમેરા મારફતે તાલીમ વર્ગો ઉપર બાજ નજર રાખી રહ્યા છે. આ યોજાને સફળ બનાવવા માટે પ્રાથમિક શાળાઓમાં સીસીટીવી કેમેરાની સુવિધા ન હોવાથી બોર્ડની પરીક્ષાનાં કેન્દ્રો ખાતે તાલીમ સેન્ટર ફાળવવામાં આવ્યા છે. જ્યાં પહેલેથી સીસીટીવી કેમેરા લગાવાયેલા હોવાથી વધારાના કોઈ ખર્ચ વગર શિક્ષકોના તાલીમ કેમ્પ ઉપર નજર રાખવામાં આવી છએ. શિક્ષણ વિભાગના આ નવતર અભિગમને કારણે ગુલ્લીમાર શિક્ષકોની પાટા પર આવી જશે તેવું તજજ્ઞોનું માનવું છે.

# ગુજરાત સ્થાપના દિને મહાત્માની વાણી

ગાંધીજી જયારે દક્ષિણ આફ્રિકાથી સ્વદેશાગમન કર્યું ત્યારે આજથી સો વર્ષ પહેલાં મુંબઇ ગુર્જર સભાએ તેમનું જાહેર સન્માન કર્યું હતું. મુંબઇના મંગળદાસ ભવનના ચોગાનમાં યોજાયેલા આ સન્માન સમારંભમાં અધ્યક્ષ શ્રીયુત મહંમદ અલી ઝીણા હતા.

આ ઉપરાંત સમારંભમાં ગાંધી સિવાય વકતવ્ય આપનાર કનૈયાલાલ માણેકલાલ મુન્શી હતા. મુસ્લિમ ઉર્દૂ પાકિસ્તાનના નામે હિન્દુસ્તાનના ભાગલા કરાવનાર મૂળ ગુજરાતી જનાબ મહંમદ અલી ઝીણા અને ક.મા. મુન્શી બંને ગુજરાતી ભાષા હોવા છતાં તેમણે બંનેએ અંગ્રેજીમાં ભાષણ કર્યું હતું. પરંતુ ગાંધીએ ગુજરાતીમાં જ વકતવ્ય આપ્યું હતું.

(ગાંધીજીનો અક્ષરદેહ ભાગ-૧૩, પાના નં.૯)

અસરકારક પ્રત્યાતન **(Effective Communication)** માં શિરમોર એવા મહાત્માએ ભાષાના આધારે લોકસંવાદ સ્થાપવા માટે માતૃભાષાનો સહારો લીધો હતો. અને વિશ્વની અન્ય કોઇ પણ ભાષા હોય કે દેશની કોઇ પણ પ્રાંતિય ભાષા - વક્તાને તે ભાષામાં પકડ હોય તેમ છતાં પણ પોતીકી ભાષા - માતૃભાષામાં જ વાત કરવી જોઇએ એવી શિખ ત્યાં ઉપસ્થિત ગુર્જર જનો અને સમારંભના પ્રમુખ ઝીણા અને બીજા વક્તા ક.મા. મુનશી સહિત સૌને સહજ અને સરળતાથી ગુજરાતી ભાષાની અગત્ય રજૂ કરી હતી.

શુક્રવારને ૧લી મે ગુજરાત સ્થાપના દિવસે ગાંધીના ગુજરાતી ભાષાનો પ્રેમ પોતીકાંપણાની ઝંકૃતતા ઉજાગર કરે છે.





પોતાની ભાષામાં જ વાત કરવી જયારે શ્રોતાઓ પોતાની ભાષાના હોય એ વાતનું મહાત્માએ સતત ધ્યાન રાખ્યું હતું. મુંબઇના અન્ય એક સન્માન સમારંભમાં કપોળ વિદ્યાર્થીઓએ જયારે તેમના સન્માનમાં હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી ભાષાનું મિશ્રણ કરીને સન્માન શબ્દો રજૂ કર્યા ત્યારે પણ મહાત્માએ તો વણમાગી સલાહ જ આપી કે ભાષણમાં અંગ્રેજી-ગુજરાતીનો ખીચડો ન કરતાં માતૃભાષામાં બોલવું એમ જ કહ્યું હતું.

મારા લખાણ અને મારા બોલો વિષે એટલું યાદ રાખશો કે હું પણ તમારી જેમ શીખનાર અને અનુભવ લેનાર છું એમ વખતોવખત પોતાની વાત ટાંકતા રહ્યા. જો કે એક વાત એ પણ ચોખ્ખી કરવી રહી કે માતૃભાષાના પ્રેમ આદર છતાં અન્ય ભાષાઓ પ્રત્યે તેમને કટુતા કે પૂર્વગ્રહ ના હતો. તેઓ દક્ષિણ આફ્રિકામાં પણ સ્થાનિક તેમની ભાષાઓમાં પ્રાર્થના રજૂ કરાવતા હતા. પોતાની માતૃભાષા સાથે અન્યોની માતૃભાષાને તેઓ પૂરો આદર આપતા હતા.

બેંગ્લોરના નાગરિકો સાથે તા. ૮ મે ૧૯૧૫ના રોજ કરેલા વાર્તાલાપમાં તેમણે એક ભાઇ દ્વારા થયેલા સવાલ સંદર્ભે એવો ઉત્તર આપ્યો હતો કે દેશની ભાષાઓનું સાહિત્ય મહત્વનું છે. તેમણે તો દેશની તમામ ભાષાઓના પુસ્તકો સંઘરવાનો વિચાર રજૂ કરતાં પુસ્તકાલય શરુ કરવા પણ કહ્યું હતું. આ કાળ માટે તેમણે મિત્રોને આર્થિક સહાય કરવા પણ ઇજન આપ્યું હતું.

તમિળ મિત્ર અને સ્વાતંત્ર્ય સંગ્રામના સાથી સુંદરમને લખેલા એક પત્રમાં મહાત્મા ગાંધી એવો ઉલ્લેખ પણ કરે છે કે તેમના બીજા નંબરના પુત્ર મણિલાલ ગાંધીને તમિલ ભાષા શીખવવામાં મદદ કરે. અને જો તેઓ મદ્રાસથી બહાર જાય ત્યારે કોઇ સાથીની વ્યવસ્થા કરે જેથી પુત્ર તમિલ સારી રીતે શીખી શકે. પત્રના તેઓ કહે છે કે તમિલ પ્રાર્થના 'મુત્તી નેરી' અચૂક પ્રાર્થના સભામાં ગવાય છે. અત્રે મજાની એક વાત એ પણ નોંધવી જોઇએ કે માણિક્ય વાચાગરકૃત પ્રસિદ્ધ તમિલ ભક્તિગીત 'મુત્તી નેરી' નો ઉલ્લેખ પત્રમાં તેમણે તમિલ લિપિમાં જ લખ્યા હતા.

(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે)